ભત્તીઈ વંદે સિરિ વદ્ધમાણં ।

શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત ભાસ

# શ્રી કલ્પસૂત્રના ઢાળીયા




: સંપાદક :

પંન્યાસ શ્રી પ્રશાન્તવલ્લભવિજયજી ગણિવર

શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત ભાસ

શ્રી કલ્પસૂત્ર આધારિત
પૂ. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મ.સા. રચિત
સુબોધિકા ટીકાના સારભૂત

# શ્રી કલ્પસૂત્રના ઢાળીયા



**: પ્રેરણા-આશીર્વાદ :**

સુવિશાલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રીમદ્
**વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.**

**સંપાદક**

શ્રી ચન્દ્રધર્મચક્ર તપ પ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રીમદ્
વિજય જગવલ્લભસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય
**પંન્યાસ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી ગણિવર**

# શ્રી કલ્પસૂત્રના ઢાળીયા

વિ.સં. ૨૦૭૨,
મૂલ્ય : સ્વાધ્યાય

**પ્રકાશન વર્ષ**
વીર સં. ૨૫૪૨

ઈ.સ. ૨૦૧૬
પ્રથમ આવૃત્તિ

**પ્રકાશક**

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-382225. જિ. અમદાવાદ.
ફોન : (02714) 225981

**: પ્રાપ્તિસ્થાન :**

- **પ્રકાશક**
- **દિવ્યદર્શન ભવન**, કાળુશીની પોળ, કાળુપુર અમદાવાદ-૧.
- **વિજયકુમાર કે. મેપાણી** : નવજીવન સોસાયટી, બિલ્ડીંગ નં. ૧૫, ૮ મે માળે, ફ્લેટ નં. ૨૯, લેમીંગ્ટન રોડ, મુંબઈ-3400008. ફોન : 022-23087923
- **નાનુભાઇ બી.શાહ** : ૨-બી, પ્રભાવના એપાર્ટમેન્ટ, પ્રતિષ્ઠા કોમ્પ્લેક્ષ, એક્સપેરીમેન્ટલ સ્કૂલ પાસે, પાર્લે પોઈન્ટ, સુરત-395 007. ફોન : 0261-2254321
- **મનીષભાઈ શાહ** :૭૦૧, શ્રીજી પેલેસ,પલીયડ નગર, નવરંગ સ્કૂલ પાસે, નારણપુરા, અમદાવાદ-380014. ફોન : (079) 66622888

**શ્રુતભક્તિના લાભાર્થી**

પરમોપકારી વર્ધમાન તપોનિધિ પરમ પૂજ્ય
આચાર્ય ભગવંત શ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**ના
અગણિત ઉપકારોની સ્મૃતિ નિમિત્તે
**ગુરુભક્ત એક સુશ્રાવક**

મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

## ગુરુરાજકું સદા મોરી વંદના..

સિદ્ધાંતમહોદધિ પ.પૂ.આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.**

વર્ધમાન તપોનિધિ પ.પૂ.આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.**

સહજાનંદી કર્મસાહિત્ય નિષ્ણાત પ.પૂ.આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય ધર્મજિત્સૂરીશ્વરજી મ.સા.**

સૂરિમંત્ર આરાધક પ.પૂ.આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય જયશેખરસૂરીશ્વરજી મ.સા.**

ધર્મચક્રતપ પ્રભાવક પ.પૂ.આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.**

વંદના... વંદના... વંદના... વંદના... વંદના...

ભત્તીઈ વંદે સિરિ વદ્ધમાણં ।
અનન્તલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામિને નમઃ ।
શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-જયશેખર-
જગવલ્લભસૂરીશ્વરેભ્યો નમઃ ।

# સંપાદકીય

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના દિવસો એટલે પરમ આરાધ્ય દિવસો... તે તે સંઘોમાં ચાતુર્માસ બિરાજમાન ગુરુ ભગવંતો શ્રી કલ્પસૂત્ર-શ્રી બારસાસૂત્રનું વાંચન કરીને સકલ શ્રી સંઘને મહાપર્વની આરાધના કરાવતા હોય છે.

જ્યાં ગુરુ ભગવંતોનો યોગ પ્રાપ્ત થયો ન હોય તેવા સ્થાનોમાં-સંઘમાં જૈન પંડિતો કે આચારસંપન્ન શ્રાવકો દ્વારા સંવત્સરી મહાપર્વના દિને શ્રી બારસાસૂત્રના સ્થાને ઢાળીયા સંભળાવવામાં આવે છે.

શ્રી કલ્પસૂત્ર આધારિત પૂ. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મ.સા. રચિત સુબોધિકા ટીકાના સાર સ્વરૂપ ૧૫ ઢાળ + પટ્ટાવલીની રચના **પૂ. આચાર્ય ભગવંત શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.સા.**એ કરી છે. શ્રી કલ્પસૂત્રના ઢાળીયા તરીકે પ્રસિદ્ધ અત્યંત સરળ અને ભાવવાહી શબ્દોમાં ગ્રથિત આ ઢાળીયા જાણે કે

શ્રી કલ્પસૂત્ર પ્રવચનની Running Commentry !!!

મહાપુરુષે પોતાની કવિત્વ શક્તિનો ભરપૂર ઉપયોગ કરીને ભાવિ પેઢીના ઉપકારાર્થે નિર્મિત કરેલ આ અમૂલ્ય કૃતિના

ઢાળીયા પર્યુષણમાં કે દૈનિક પ્રતિક્રમણમાં પણ સજ્ઝાય તરીકે બોલી શકાય છે.

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.** અને સંઘશાસન કૌશલ્યાધાર પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મ.સા.**ની ભાવના, માર્ગદર્શનાનુસાર તૈયાર કરેલ **'પર્યુષણ સ્તવનાદિ સંપુટ'** નામક પુસ્તિકામાં સમાવેશ કરવા જતા તેનું કદ વધી જવાના કારણે આ ઢાળીયા અલગ પુસ્તિકારૂપે પ્રકાશિત કરેલ છે.

શ્રમણ પ્રધાન શ્રી જૈન સંઘ આ પુસ્તિકાનો ઉપયોગ કરી વિશિષ્ટ શુભભાવોની પ્રાપ્તિ-વૃદ્ધિ પામે એ ભાવના સાથે...

**- પંન્યાસ પ્રશાન્તવલ્લભવિજય.**

## *પ્રકાશકીય*

**પૂ. પંન્યાસ શ્રી પ્રશાન્તવલ્લભવિજયજી મ.સા.**
**સંપાદિત "શ્રી કલ્પસૂત્રના ઢાળીયા"**
**નામક પ્રસ્તુત પુસ્તિકાનું પ્રકાશન કરતા**
**દિવ્યદર્શન ટ્રસ્ટ** આનંદ અનુભવે છે.

*-કુમારપાળ વિ. શાહ*

# પર્વાધિરાજશ્રી પર્યુષણ મહાપર્વની આરાધના

| તિથિ | પ્રવચન વિષય |
|---|---|
| (૧) શ્રાવણ વદ-૧૨ | **સવારે ૯.૦૦ કલાકે,** (૧) અમારી પ્રવર્તન (૨) સાધર્મિક ભક્તિ કર્તવ્ય **૧૦.૦૦કલાકે :** અષ્ટમંગલ ઉતારવાના અને સંઘને દર્શન કરાવવાના ચઢાવા |
| (૨) શ્રાવણ વદ-૧૩ | **સવારે ૯ કલાકે** (૩) ક્ષમાપના (૪) અઠ્ઠમતપ (૫) ચૈત્યપરિપાટી |
| (૩) શ્રાવણ વદ-૧૪ | **સવારે ૯ કલાકે :** વાર્ષિક ૧૧ કર્તવ્યો, પૌષધવ્રતનો મહિમા **૧૦ કલાકે :** ગ્રંથ શિરોમણિ શ્રીકલ્પસૂત્ર વહોરાવવા સંબધી ચઢાવા |
| (૪) શ્રાવણ વદ-અમાસ | **સવારે ૮.૩૦ કલાકે :** શ્રીકલ્પસૂત્ર વહોરાવવું આદિ મંગળકારી વિધિ. વિષય : પ્રભુવીરનું સ્વર્ગથી ચ્યવન-શક્રસ્તવ, મેઘકુમારની કથા.<br>**બપોરે ૩ કલાકે :** ૧૦ અચ્છેરા-૨૭ ભવ-૧૪ સુપન |
| (૫) ભાદરવા સુદ-૧ **(શ્રી મહાવીરસ્વામી જન્મ વાંચન)** | **સવારે ૮.૩૦ કલાકે :** સ્વપ્ન વર્ણન, સ્વપ્ન પાઠકોનું આગમન-સ્વપ્ન ફળ, ત્રિશલા માતાનો વિલાપ-અભિગ્રહ, **સવારે ૧૦ કલાકે:** સુપનના ચઢાવા તથા દર્શનનો પ્રારંભ, **જન્મવાંચન** (પ્રભુનો મંગલકારી જન્મ) |
| (૬) ભાદરવા સુદ-૨ | **સવારે ૯.૦૦ કલાકે:** દેવકૃત જન્મોત્સવ, "વર્ધમાન" નામકરણ, પાઠશાળા ગમન-દીક્ષા-ઉપસર્ગ-કેવળજ્ઞાન.<br>**બપોરે ૨.૩૦ કલાકે:** ગણધરવાદ-ગૌતમસ્વામી આદિની દીક્ષા- ભગવાનનું નિર્વાણ-ગૌતમસ્વામીને કેવળજ્ઞાન |
| (૭) ભાદરવા સુદ-૩ | **સવારે ૯ કલાકે :** શ્રી પાર્શ્વ-નેમિનાથ-આંતરા-ઋષભદેવનું જીવન ચરિત્ર **તથા ૧૦.૧૫ કલાકે** શ્રી બારસાસૂત્ર વહોરાવવા સંબધી ચઢાવા, **બપોરે ૨.૩૦ કલાકે** સ્થવિરાવલી-પ્રભુ વીરની પાટપરંપરામાં થયેલા મહાપુરુષોની જીવન ઝરમર |
| (૮) ભાદરવા સુદ-૪ **શ્રી સંવત્સરી મહાપર્વ** | **સવારે ૮.૦૦કલાકે** બારસાસૂત્ર વહોરાવવાની વિધિ, **શ્રી બારસાસૂત્ર વાંચન (શ્રી કલ્પસૂત્રના ઢાળીયાનું ગાન)** પરસ્પર ક્ષમાપના,**બપોરે ૩.૦૦કલાકે :** સંવત્સરી પ્રતિક્રમણ |

આ નવમું વ્યાખ્યાન શ્રી સંવત્સરી મહાપર્વના દિવસે સવારમાં સવિશેષ ધૂપ, દીપ વગેરે સામગ્રીપૂર્વક મોટા મહોત્સવથી સાંભળવું. મૂળ બારસાસૂત્રના જેટલું બહુમાન કરવું અને અમંગલ વર્જવું. વાંચનારે પણ ગાવાની કળાપૂર્વક મધુર સ્વરે વાંચવું.

**નમો અરિહંતાણં,**
**નમો સિદ્ધાણં,**
**નમો આયરિયાણં,**
**નમો ઉવજ્ઝાયાણં,**
**નમો લોએ સવ્વસાહૂણં,**
**એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો,**
**મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં ॥**

**અજ્ઞાનતિમિરાન્ધાનાં, જ્ઞાનાંજનશલાકયા;**
**નેત્રમુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

**નમઃ શ્રીવર્ધમાનાય, શ્રીમતે ચ સુધર્મણે;**
**સર્વાનુયોગવૃદ્ધેભ્યો, વાણ્યૈ સર્વવિદસ્તથા ॥**

**વંદામિ ભદ્દબાહું, પાઈણં ચરમસયલસુયનાણિં;**
**સુત્તસ્સ કારગમિસિં, દસાણ કપ્પે અ વવહારે ॥**

## પ્રથમ વ્યાખ્યાનની સજ્ઝાય

**(પીઠિકાની ઢાળ પહેલી)**

(રાગ : સાંભળો કળશ જિન, મહોત્સવનો ઈહાં..)

પુણ્યની પોષણા, પર્વ પર્યુષણા,
આવિયાં ઈણિ પરે જાણીએ એ;
હિયડલે હર્ષ ધરી, છટ્ઠ અટ્ઠમ કરી,
ઓચ્છવે ઘેર આણીએ એ ॥૧॥

ગુરુ કરે વાચના, સુણે સહુ ભવિજના,
કર્મનિકાચના પાચના એ;
પ્રથમ જિનશાસને, ઋજુ-જડ પ્રાણિયા,
વીરના વક્ર-જડ બહુજના એ ॥૨॥

**(ત્રોટક છંદ)**

(રાગ : તદા ચિંતે ઈન્દ્ર મનમાં..)

શુભમના સરળ ને દક્ષ પ્રાણી, મધ્યજિનના જાણીયે,
તેહ ભણી બિહુંપરે નિયત અનિયત, કલ્પ ચઉ ખટ આણીયે;
કલ્પ દશવિધ કહ્યો મુનિનો, ધર્મપૂરવ માનથી,
ભદ્રબાહુસ્વામિ-ભાષિત સૂત્ર સુણો બહુમાનથી ॥૩॥

**(ઢાળ)**

(રાગ : સાંભળો કળશ જિન..)

કલ્પધર્મ મહાતમ, તૃતીય રસાયણ પરે,
બહુગુણ હોય એહને સુણતાં એ;

નાગકેતુ પરે, નાણ કહી ઊજલું,
પામીએ શિવપદ શાશ્વતાં એ ॥૪॥
ઈણિ પરે પીઠિકા, કહી કલ્પ માંડીએ,
પંચકલ્યાણક વીરનાં એ;
દશમ દેવલોકથી, આવીય ઊપના,
ત્રણ નાણી જંબૂના ભરતમાં એ ॥૫॥

(ત્રોટક)

તુરત માહણકુંડગ્રામે, ઋષભદત્તાદ્વિજનાર એ,
દેવાનંદા મધ્ય રયણી પેખે, સુપન દશ ને ચાર એ;
ઉત્તરાફાલ્ગુની ચંદ્રયોગે, શુક્લ છટ્ઠ શુચિમાસની,
સુપન વીતક કંત આગળ, કહે આવી આસની ॥૬॥

(ઢાળ)

કહે તિહાં ઋષભદત્ત, આપણે ઘર હોશે,
સુત સવિ શાસ્ત્રનો પારગામી;
લક્ષણ વ્યંજન માન ઉનમાનશું,
સુજશ સૌભાગ્ય ગુણ સયલધામી ॥૭॥
વેદના ભેદ સવી જૂજૂઆ દાખશે,
ગણિત પ્રમુખે જસ નહિ અ ખામી;
તે સુણી તહત્તિ કહી, ગઈ ય નિજ થાનકે,
દેવાનંદા તસ શીષ નામી ॥૮॥

ઇણ સમે અવધિજ્ઞાને કરી જોયતાં,
સોહમઇન્દ્ર જિન દેખિયા એ;
કાર્તિક શેઠનો જીવ એ જાણીએ,
પૂરવભવ તેહનો ભાખીએ એ ॥૯॥

**(ત્રોટક)**

ભાખિયો પ્રભુને રહી સન્મુખ, સિંહાસનથી ઊતરી,
શક્રસ્તવ કહે ભાવ આણી, સાત પગ ઓસરી;
ધર્મસારથી પદે સુણીએ, કથા મેઘકુમારની,
જ્ઞાનવિમલ પ્રભુગુણની, વ્યાખ્યા પ્રથમ એ
અધિકારની ॥૧૦॥

## દ્વિતીય વ્યાખ્યાનની સજ્ઝાય

**(ઢાળ બીજી)**

(રાગ : સંભવ જિનવર વિનતી )

શક્રસ્તવ કહે પૂરણ રોમાંચિત થઈ,
ભાવિ અતીત જિન મનધરી એ;
પંચકલ્યાણકે એમ શક્ર થુણે સદા,
શક્રસ્તવ નામ તેહ ભણી એ ॥૧॥

હવે ચિંતે મન ઇન્દ્ર એક શું નીપન્યું,
એહ અચ્છેરું જાણીએ એ;
કોઈક કાલને અંતે નીપજે એહવાં,
અચરિજકારી લોકને એ ॥૨॥

તોએ મ્હારી ભક્તિ ઉત્તમ ઠામમાં,
ગર્ભ પાલટી મૂકવો એ;
તેડ્યો હરિણગમેષી સુર પાયકધણી,
વાત અચ્છેરાં દશ કહ્યાં એ ॥૩॥

જિનપદ લહે ઉપસર્ગ સ્ત્રી તીર્થંકરી,
ગર્ભપાલટો જાણીએ એ;
નિષ્ફલ જિનઉપદેશ હરિ ધાતકી ગયા,
યુગલ નરકગતિ પામિયાં એ ॥૪॥

ચમરો સોહમ્મે જાય ઉત્કૃષ્ટ તનુધણી,
શત આઠ એક સમે સિઝિયા એ;
રવિ-સસી મૂલવિમાને વંદણ આવિયા,
અસંયત યતિ પરે પૂજિયા એ ॥૫॥

નીચ કુલે નવિ હોય જિન ચક્રી હરિયુગ,
ઉચ્ચ કુલે સવિ ઊપજે એ;
કોઈક કર્મપ્રભાવ આવી ઊપના,
પણ જનમ નવિ સંભવે એ ॥૬॥

ભવ સત્તાવીશ માંહે મરીચિ ત્રીજે ભવે,
ગોત્રમદે એ બાંધિયો એ;
તેણે હેતે થયું એહ, પણ એ મૂકવા,
ખતિયકુલ નરપતિ જિહાં એ ॥૭॥

ક્ષત્રિયકુંડ ગ્રામે ભૂપ સિદ્ધારથ,
ત્રિશલા રાણી તેહની એ;
થાપો એ તસ કૂખે, તસ બેટી તણો,
ગર્ભ અછે તે તિહાં ઠવો એ ॥૮॥

શીઘ્ર કરો આદેશ મહારા વાહલા,
તહત્તિ કરીને ચાલિયો એ;
વૈક્રિય નિર્મળ રૂપ કરી નિજ શક્તિથી,
નિરાબાધશું તે લહીએ ॥૯॥

થાપ્યો ત્રિશલા કૂખે બ્યાશી દિન પછે,
માનું શુભ લગ્ન જોવા રહ્યા એ;
ત્રણ જ્ઞાની ભગવંત આવી તિહાં વસ્યા,
આસો જ વદિ તેરસી દિને એ ॥૧૦॥

સુંદર ઘર સુખ સેજે સૂતી સુંદરી,
સુપન ચૌદ લહે મજ્ઝિમ નિશિ એ;
ગજ વૃષભ સિંહ શ્રી દામ શશી રવિ ધ્વજ ઘટ,
સરોદધિ વિમાન રયણ શિખી એ ॥૧૧॥

સિંહ પ્રથમ મુખ માંહે પેખે પેસતો,
અવર સવે ઈમ જાણીએ એ;
નીરખી હરખે તામ કંત કહે સુણો,
શૂર-વીર સુત હોયશે એ ॥૧૨॥

દેવાનંદા તામ દેખે એહવું,
મુજ સુહણાં ત્રિશલા હરે એ;
ઋષભદત્ત કહે એમ ન રહે રંક ઘરે,
રયણનિધિ પરે એહવો એ ॥૧૩॥

વાસઘર સુખસેજ અને વળી સુપનડાં.
સૂત્રમાંહે સવિ વરણવ્યાં એ;
ઉજ્જવલ ગજ ચઉદંત રે એરાવણ સમો,
આવીને ઊભો રહ્યો એ ॥૧૪॥

વૃષભ લષ્ટપુષ્ટ દેહ રે તીખાં શૃંગ છે,
ભ્રમરોપમ સમ લોયણાં એ;
સિંહ ઉજ્જવલ તીખી દાઢ અને શુભલક્ષણો,
ઉન્નત સૌમ્ય સોહામણો એ ॥૧૫॥

લખમી કમળે વસંતી હિમવંત પર્વતે,
પદ્મદ્રહ છે અભિનવો એ;
એક કોડી વીશ લાખ ખટ વલયે મળી,
ચોથે લખમી દેવતા એ ॥૧૬॥

ચાર સુપનના અર્થ ભાખી રાશીએ,
સૂત્ર વખાણ બીજું થયું એ;
વડોકલ્પ દિન એમ ઓચ્છવશું કરો,
જ્ઞાનવિમલ ગુરુમુખ સુણી એ ॥૧૭॥

# તૃતીય વ્યાખ્યાનની સજ્ઝાય

(ઢાળ ત્રીજી)

(રાગ : એ કે લાલ દરવાજે... / દેશી : ચોપાઈની)

હવે દશ સુપન વર્ણના, સૂત્રપાઠ સુણીએ એકમના;
રાજા મજ્જન કૌતુક કરે, અંગે વસ્ત્રવિભૂષણ ધરે ॥૧॥

કલ્પવૃક્ષ જિમ ફલ્યો-ફૂલ્યો, બાદલથી રવિ નીકલ્યો;
તિમ આવી બેઠો આસ્થાન, તેડે કૌટુંબિક પુરુષ પ્રધાન ॥૨॥

કહે બાહિર જે આસ્થાનશાલ, લિંપી શુદ્ધ કરો ભૂપાલ;
સિંહાસન તિહાં માંડો સાર, જિહાં બેસીજે લઈ પરિવાર ॥૩॥

રાણી સિંહાસન અંતરે, પરિયચી (પવિરચી) વિચ અંતર ધરે ;
પૂરવદિશિ ભદ્રાસન આઠ, મંડાવો સવિ મેલી ઠાઠ ॥૪॥

તેણે તિમ કીધું ધસમસી, તે નિસુણી રાજા થયો ખુશી;
કહે સુપનપાઠક ઘેર જઈ, તેડી લાવો તેને ગહગહી ॥૫॥

જે અષ્ટાંગ નિમિત્તના જાણ, ડાહ્યા વૃદ્ધ આચારપ્રમાણ;
તેહવાને તે તેડણ ગયા, નૃપ તેડ્યેં રળિઆયત થયા ॥૬॥

નાહી પૂજી ઘરના દેવ, કીધાં તિલક તિણે સયમેવ;
ઉત્તરાસંગ જનોઈ ધરે, નૃપમિલણ સવિ સંચરે ॥૭॥

આવ્યા ગઢને સિંહદુવાર, મિલી એકઠા કરે વિચાર;
જિમ (જો) અણમિલ્યા પાંચસેં સુભટ,
ન લહ્યા માન થયા ગહગટ્ટ ॥૮॥

તે માટે સવિ સંપે થઈ, વૃદ્ધ એકની આણા લેઈ;
બોલીજે તો લહીજે માન, જિહાં સંપ ત્યાં શ્રેયનિદાન ॥૯॥

ચિરંજીવ જય જય ભૂપાળ, આશીર્વાદ બોલે ગુણમાળ;
આસન બેસણ રાજા દીએ, ફૂલ-ફળાદિક કરમાં લીએ ॥૧૦॥

સુપન તણો ભાખ્યો વૃત્તાંત, લબ્ધ અર્થ ભાખ્યો ઈમ તંત;
માંહોમાંહે વિચારી કહે, નિગમશાસ્ત્રમાં જેહવું લહે ॥૧૧॥

બહોંતેર સુપનાં શાસ્ત્રે લહ્યાં, તેમાં બેંતાળીસ મધ્યમ કહ્યાં;
ત્રીશ તેહમાં ઉત્તમ અછે, ચૌદ વિશેષે વિસ્તર રુચે ॥૧૨॥

જિન વા ચક્રી માતા લહે, હરિમાતા સગ ચઉ બળ ગ્રહે;
મંડલિક એક લહે એ માંહે, શુભસૂચક એ સુપન અથાહે ॥૧૩॥

દીઠો સાંભળ્યો ને અનુભવ્યો, આધિ વ્યાધિ ચિંતાશું મવ્યો;
મળમૂત્રાદિ પ્રકૃતિવિકાર, દીઠાં સુપન ફળે ન લગાર ॥૧૪॥

ધર્મકર્મથી સુર સાંનિધ્યે, અતિપાપોદ્રેકે અનવિધે;
એહથી સુપનાં દીઠાં હોય, પ્રાયે તેહ ફળે સહુ કોય ॥૧૫॥

થિરચિત્ત જિતેન્દ્રિય શાન્ત, ધર્મરુચિ ને શ્રદ્ધાવંત;
ઈત્યાદિક ગુણનો જે ધણી,
ફળે શુભાશુભ સુપનહ ત(ભ)ણી ॥૧૬॥

કુલદીપક ને વંશઆધાર, કીર્તિલાભ બળ ભંડાગાર;
હોશે સુત રાયનો રાય, કહે ચક્રી કે જિનવર થાય ॥૧૭॥

ઈસ્યાં વયણે હરખ્યો રાજ, આપે ધન બહુ કરી સુપસાય;
ચૌદ સુપનારથ એ સમુદાય, ચૌદરાજ ઉપર શિવ ઠાય ॥૧૮॥

ચઉદંતો જગ ચઉવિધ ધમ્મ, ગજપતિ સુરપતિ સેવિત કમ્મ ;
ભરતક્ષેત્રે બોધિબીજ વાવશે, વૃષથી ધર્મધુરા ઠાવશે ॥૧૯॥

કુદૃષ્ટિ શ્વાપદે ભવિવન ભાંજતું, રાખશે સિંહબલે એ છતું;
વરસીદાન દે જિનપદ લચ્છી,
ભોગવશે લચ્છી ફળ અચ્છી ॥૨૦॥

શિર ધરશે સવિ એહની આણ, કુસુમદામ ફળ એહ મંડાણ;
ભવિકુવલયબોધને શશી, ભામંડલભૂષિત રવિ જિસી ॥૨૧॥

ધર્મપ્રાસાદ શિખર બેસશે, પૂર્ણકળશ ફળ એહ પામશે;
ધ્વજફળ શોભા હોયશે, ધર્મધ્વજ ચઉદિશિ સોહશે ॥૨૨॥

સુરનિર્મિતકજ પદ ઠાવશે, સરોવર ફળ ઈણિપરે ભાવશે;
રત્નાકરદર્શનફળમાન, કેવલળજ્ઞાન-રયણઅહિઠાણ ॥૨૩॥

ચઉ સુર વૈમાનિક પર્યન્ત, સેવિત થાશે વિમાન ફળ કંત;
રત્નરાશિ ફળ એ થાયશે, રત્નાદિક ગઢ ત્રય વાસશે ॥૨૪॥

શુદ્ધ સ્વભાવ કંચન શુદ્ધિકાર, નિર્ધૂમ અગ્નિનો એહ વિચાર ;
એહવાં ફળ પ્રગટ ભાખિયાં, સુપનશાસ્ત્ર કીધાં સાખીયાં ॥૨૫॥

નિસુણી રાજા રંજ્યો ઘણું, પ્રીતિદાન તે કેતું ભણું;
નિજઘર પોહતા સુપનપાઠવી, ભૂપે વાત સ્ત્રીને દાખવી ॥૨૬॥

સુપનપાઠક આવ્યા જેટલે, ત્રીજું વખાણ થયું તેટલે;
પણ સુપનારથ આગળથી કહ્યો,
જ્ઞાનવિમલ ગુરુથી જે લહ્યો ॥૨૭॥

## ચતુર્થ વ્યાખ્યાનની સજ્ઝાય

(ઢાળ : ચોથી)

(રાગ : શત્રુંજય મંડણ)

હવે ઈન્દ્ર આદેશે, ધનદ તણા જે દેવ,
તિર્યગ્જૃંભક નામે, નૃપઘર ભરે નિત્યમેવ;
ધન-કણની કોડી, હોડી કરે કુણ તાસ,
સપ્તાંગ નૃપતિબળ, વાધે અતિઉલ્લાસ ॥૧॥

મન ચિંતે એહવું, માત-પિતા તેણી વાર,
એ જનમે દેશું, નામ વર્ધમાનકુમાર;
એમ મનોરથ વધતે, ગર્ભ વધે ગુણવંત,
તવ એકદિન ચિંતે, માયભક્તિ ભગવંત ॥૨॥

નવિ હાલે ફરકે, માનું સાધે કોઈ ધ્યાન,
મોહ જીપન હેતે, રહસિ કરે કોઈ તાન;
તવ માતાને મન, પ્રસર્યો શોકસમુદ્ર,
નવિ ખાવે પીવે, ચિંતાતુર ગતનિદ્ર ॥૩॥

કંઈ વનદવ દીધાં, કે ભાંજ્યાં બહુમાલ,
કે સરોવર શોષ્યાં, કે દીધાં ઋષિઆલ;
કે તાવડે નાખ્યા, જૂ માંકડ ને લીખ,
પશુ પંખી પંજર, કે કેઈ ભાંજી ભીખ ॥૪॥

જ્ઞાન-દેવ-સાધારણ-ગુરુકલ્પિત જે દ્રવ્ય,
તે ભખ્યાં ભખાવ્યાં, કીધી કરણી અભવ્ય;
વળી અવિધિ આશાતના, કીધી અને કરાવી,
વળી અશુદ્ધ પ્રવૃત્તિ, શક્તિ તેં ન વરાવી ॥૫॥
કર્યાં શાતન કામણ, કપટ કરીને વંચ્યાં,
માયા-બકવૃત્તિ, પાપકરમ બહુ સંચ્યાં;
વળી શિયળ વિલુપ્યાં, કે કેઈ ગર્ભ હરાવ્યાં,
ઈત્યાદિક બહુલાં, પાપ તણાં ફળ આવ્યાં ॥૬॥

ઈહાં દોષ ન કોઈનો, શોચ કરે શું થાય,
જિમ જલધિ મૂક્યો છિદ્રે ઘડો ન ભરાય;
મધુમાસે ન ફૂલે, જો કરીર તરુ એક,
તિહાં જલધિ વસંતનો, વાંક કિશ્યો કહો છેક ? ॥૭॥

તરુ ફળિયો ફળ નવી, વામન પામે ઘૂક,
દેખે નવિ ઊગ્યો, સૂરજ તસ શું ચૂક;
નિર્ભાગ્યશિરોમણી મેરુ ચઢાવી પાડી,
લોચન દઈ લીધા, ધિગ્ ધિગ્ કર્મ અજાડી ॥૮॥

ભોજન શુભ પીરસી, કાઢી લીએ જિમ થાલ,
તિમ હું દુઃખણીને રાજ્યસુખ સવિ આલ;
કિહાં ગઈ કુલદેવી, આજ કરી ન સંભાલ,
એ જીવિત ધન શું ? કીજે સુખ સુકુમાલ ॥૯॥

પૂછે જિમ સહિયર, તિમ તિમ દુઃખ બહુ સાલે,
મૂર્છા લહી જાણી, શીતળ જળશું વાળે;
ઉપરત સવિ નાટક, દેખી નૃપનું ગેહ,
તવ જ્ઞાન પ્રયુંજે, ત્રિભુવનકરુણા-ગેહ ॥૧૦॥

સુખ કાજે કીધું, દુઃખ કાજે થયું તેહ,
ભાવિ કલિ લક્ષણ, ગુણ તે દોષ અછેહ;
ઈમ જાણી ફરક્યા, એક દિશિ પ્રભુ જામ,
તવ હરખી ત્રિશલા, ફૂલ્યું મુખકજ તામ ॥૧૧॥

હું ત્રિભુવનધન્યા, ભાગ્યદશા વળી આજ,
જિનપદસેવાદિ, સિદ્ધચાં સઘળાં કાજ;
મનોરથ કલ્પદ્રુમ, ફળિયો સદળ સચ્છાય,
જિનઘર જિનપૂજા, ધવલમંગલ ગવરાય ॥૧૨॥

કુંકુમના હાથા, બાંધી તોરણ માળ,
નાટક પ્રારંભે, ઉછાળે વર શાળ;
મોતીચોક પૂરે, ચૂરે સવિ દારિદ્ર,
સવિ અર્થી જનને, દેઈ વાન અમુદ્ર ॥૧૩॥

શણગારે તસ જન, રાજભવન દેવલોક,
સરીખું તે વેળા, મંગલ થોકાથોક;
તિહાં સાતમે માસે, અભિગ્રહ લીએ ગર્ભમાંહિ,
હું શ્રમણ ન થાઉં, માતાપિતા હોય જ્યાંહિ ॥૧૪॥

(હવે ત્રિશલાદેવી, સ્નાન તિલક પ્રસિદ્ધ,
સવિ અલંકાર પહેરી, ગર્ભપાલના કીધ.)
શુભ દોહદ પૂરે, સિદ્ધારથ નૃપ તાસ,
પરિજન જિમ કહે તિમ, વિચરે નિજ આવાસ;
બિહું મહિલાગર્ભે, વસિયા પ્રભુ નવ માસ,
સાડાસાત દિન ઉપર, પૂરણ પૂરી આશ ॥૧૫॥

તિણે કાળે સમયે, ચૈત્ર તેરસી અજુઆળી,
દિસિ નિર્મળ પવનહ, અનુકૂળે રજ ટાળી;
સવિ શકુન પ્રદક્ષિણા, મેદિની સવિ નિષ્પન્ન,
જનપદ સવિ સુખિયો, મુદિત લોક સુપ્રસન્ન ॥૧૬॥

ઉત્તરાફાલ્ગુની યોગે, ચન્દ્ર થયો શુભ લગ્ન,
ઉચ્ચથાનિક ગ્રહ સગ, મજઝરયણી સુખમગ્ન;
જનમ્યા નિરાબાધ, ત્રણનાણી ગુણખાણ,
જ્ઞાનવિમલગુરુએ, ભાખ્યું ચોથું વખાણ ॥૧૭॥

## પંચમ વ્યાખ્યાનની સજ્ઝાય

**(ઢાળ પાંચમી)**

(રાગ :- જિન જનમ્યાજી, જિણ વેળા જનની ઘરે /
દેશી - એકવીશાની)

જિન જન્મ્યાજી, સુખિયા નારકી થાવરા,
તેજ ત્રિભુવનેજી, પ્રગટે સમીર સુહંકરા;
દિશિકુમરીજી, છપ્પનનાં આસન ચળે,
અવધિએ જાણીજી, સપરિવાર આવી મળે ॥

**(ત્રોટક)**

મિલે ચઉદિશિ, ઉર્ધ્વ-અધોદિશિ, આઠ આઠ તિમ વિદિશિની,
રુચકનિવાસિની ચઉ ચઉ, ઈમ છપ્પન સુહાસિની;

જિન-માત લેઈ ત્રણ કેળઘર કરી, શુચિમજ્જન તે કરે,
વરવસ્ત્રભૂષણ કરીય શોભા, આવિયાં તિમ સંચરે ॥૧॥

(ઢાળ)

સવિ સુરપતિજી, જન્મમહોત્સવ જિનતણો,
મેરુ આવેજી, મેલી સમુદાય અતિ ઘણો;
ઈન્દ્ર સોહમજી, આવી જિનમાતા નમે,
લઈ જાવેજી, કરી અભિષેક પાતક ગમે ॥

(ત્રોટક)

રમે નાટિક ભક્તિ પૂજા, કરી આણંદ અતિ ઘણો,
આઠ મંગલ ભરી એકશત-આઠ કાવ્ય રચના ભણે;
બત્રીશ કોડી સુવર્ણ વરસી, ભૂપઘર જિન મેલીઆ,
અઠ્ઠાઈ મહોત્સવ નંદીસર કરી, સકલ સુર ઠામે ગયા ॥૨॥

(ઢાળ)

હવે રાજાજી, પરભાતે મહોત્સવ કરે,
દશ દિનનોજી, નગર સવિ ઊરણ કરે;
નામ થાપેજી, **વર્ધમાન** ગુણથી ભલું,
સગ કર તનુજી, કંચનવાને નિર્મલું ॥

(ત્રોટક)

અતિ ભલું બળ ધૈર્ય જિનનું, હરિ કહે તે ન સહી શક્યો,
અન્નાણી સુર એક આવી, રમત રમવાને ધક્યો;

અહિ અમલીવૃક્ષ વીંટી, રહ્યો નાખે કરેં ગ્રહી,
વલી ડિંભરૂપે વૃદ્ધિ પામ્યો, તાડિયો પ્રભુએ ગ્રહી ॥૩॥

(ઢાળ)

પાય લાગીજી, નામ મહાવીર દેઈ ગયો,
લેખશાળેજી, ઊણાં આઠ વરસે થયો;
જાણી અવધેંજી, સુરપતિ તવ તિહાં આવિયા,
દ્વિજરૂપેજી, અધ્યારુ બોલાવિયા ॥

(ત્રોટક)

બોલાવિયા સવિ જન્મસંશય, હરિ પૂછે તે જિન કહે,
જૈનેન્દ્ર વ્યાકરણ પ્રગટ કીધું, પાય લાગી તે રહે;
સહુ લોક વિસ્મય દેખી હરખે, જ્ઞાન પરખે પ્રભુ તણું,
એ ભુવનભૂષણ પ્રભુતણા ગુણ, ઈન્દ્ર કહે કેતા ભણું? ॥૪॥

(ઢાળ)

પ્રભુ પરણ્યાજી, નરવર્મનૃપ યશોદા સુતા,
ભોગવતાંજી, વિષયસુખ થઈ એક સુતા;
અનુક્રમેજી, માતા-પિતા સ્વર્ગે ગયાં,
વર્ષ અડવીશજી, ઘરવાસે પૂરણ થયાં ॥

(ત્રોટક)

થયો અભિગ્રહ પૂર્ણ જાણી, નંદિવર્ધન વિનવ્યા,
અનુમતિ ન આપે નેહથી વળી, વરસ દોય ઘરે રહ્યા;

તિહાં બ્રહ્મચારી અચિત્તઆહારી, બંધુ પ્રતિ કરુણા કરી,
લોકાંતિક સુરવયણ નિસુણી, દિએ દાન સંવત્સરી ॥૫॥

(ઢાળ)

એક કોડીજી, અડલખ ઉપર નિતુ દિએ,
વર વરજોજી, ઈસ્યું ભાખે સવિ ભવિ લીએ;
હરિ ચઉસઠજી, આવ્યા સંયમ ઓચ્છવે,
ચંદ્રપ્રભાજી, પાલખી જિન આગળ ઠવે ॥

(ત્રોટક)

સ્તવે બહુપરે સકલ સુરવર, નંદિવર્ધન નૃપ નરા,
ધ્વજ કળશ મંગલ આઠ આગળ, વહે હય ગય રથ વરા;
ક્ષત્રિયકુંડ ગ્રામ મધ્યે, દિક્ખ લેવા સંચરે,
નર-નારી નીરખે નયણ હરખે, મુખે જય જય ઉચ્ચરે ॥૬॥

(ઢાળ)

મૃગશિર વદિજી, દશમી દિન પહર પાછલે,
જ્ઞાતખંડ વનેજી, અશોકતરુ તળે એકલે;
છટ્ઠભક્તેજી, ચઉવિહાર દૂજે દિને,
વસ્ત્ર દેવદૂષ્યજી, ખંધ ધરે હરિ શુભ મને ॥

(ત્રોટક)

શુભ મને લોચે કેશ સઘળા, પંચમુષ્ટિ મુખ ભણે,
'કરેમિ સામાઈયં'સામી તવ, નાણ મણપજ્જવ મુણે;

હવે વીર વંદી નંદિવર્ધન-નૃપપ્રમુખ વળે સુરવરા,
અવશેષ મુહૂર્ત દિવસ હુંતે, કુમારગ્રામે સંચર્યા ॥૭॥

(ઢાળ)

તિણિ રાતેજી, ગોપે પરિસહ માંડિયા,
શુદ્ધિ વૃષભનીજી, ન કહે રોષે તાડિયા;
તવ ઈંદાજી, વારી કહે સેવા કરું,
પ્રભુ ભાખેજી, આપબળે કેવળ કરું ॥

(ત્રોટક)

ધરું સહાય ન કેહનું હું, સુણી હરિ સરગે ગયા,
સિદ્ધાર્થ વ્યંતર પાસે થાપે, પ્રભુ સંયમધર થયા;
બહુલ બ્રાહ્મણ ઘરે પારણું, પરમાન્ને પંચદિવ્યશું,
પાંચમું વખાણ ઈણિ પરે સુણો, જ્ઞાનવિમલ કહે ઈશ્યું ॥૮॥

## ષષ્ઠ વ્યાખ્યાનની પ્રથમ સજ્ઝાય

(ઢાળ છઠ્ઠી)

(રાગ : સુમતિનાથ ગુણશું મિલીજી / દેશી - ઝાંઝરિયા મુનિની)

પિતા મિત્ર તાપસ મિલ્યોજી, બાંહ્ય પસારી આય,
કહે ચોમાસું પધારજોજી, માને પ્રભુ ઈમ થાય;
**ચઉનાણી વીરજી ભૂતલ કરે રે વિહાર ॥ ૧ ॥**

દિવ્ય ચૂર્ણવાસે કરીજી, ભમરા પણ વિલગંત;
કામીજન અનુકૂલથીજી, આલિંગન દેયંત. ચઉ૦ ॥૨॥

મિત્રદ્વિજ આવી મિલ્યોજી, ચીવર દીધું આધ;
આવ્યા તાપસ ઊડવલેજી, ચોમાસે નિરાબાધ. ચઉ૦ ॥૩॥

અપ્રીતિ લહી પણ અભિગ્રહ ધરીજી; એક પખ કરી વિચરંત;
શૂલપાણી સુર બોધિયોજી, ઉપસર્ગ સહી અત્યંત. ચઉ૦ ॥૪॥

મુહૂર્ત માત્ર નિદ્રા લહીજી, સુહણાં દશ દેખંત;
ઉત્પલ નામ નિમિત્તિયોજી, અર્થ કહે ઈમ તંત. ચઉ૦ ॥૫॥

તાલપિશાચ હણ્યો જે પહેલે, તે હણશો તુમે મોંહ;
સિતપંખી ફળ ધ્યાયશ્યોજી, શુક્લધ્યાન અખોહ. ચઉ૦ ॥૬॥

વિચિત્ર પંખી પેખિયોજી, કહેશો દુવાલસ અંગ;
ગોવર્ગસેવિત થાપશોજી, અનુપમ ચઉવિહ સંગ. ચઉ૦ ॥૭॥

ચઉવિધ સુરસેવિત હશોજી, પદ્મસરોવર દિઠ્ઠ;
મેરુ આરોહણે હોયશેજી, સુવર્ણ સિંહાસન ઈઠ્ઠ. ચઉ૦ ॥૮॥

સૂરજમંડલ દેખિયુંજી, તે હોશે કેવળનાણ;
માનુષો અંતરે વીંટિયોજી, તે જગ કીર્તિ મંડાણ. ચઉ૦ ॥૯॥

જલધિતરણ ફળ એ હોશેજી, તરશો તુમે સંસાર;
દામયુગલ ફળ નવિ લહુંજી, તે કહો કરી ઉપકાર. ચઉ૦ ॥૧૦॥

કહે પ્રભુ તવ ફળ તેહનુંજી, ધર્મ દુવિધ કહું સંત;
પ્રથમ ચોમાસું તિહાં કરીજી, વિચરે સમતાવંત. ચઉ૦ ॥૧૧॥

ઊતરતાં ગંગા નદીજી, સુરકૃત સહે ઉપસર્ગ;
સંબલ કંબલે વારિયોજી, પૂર્વભવે ગોવર્ગ. ચઉ૦ ॥૧૨॥

ચંડકોશિયો સુર કીયોજી, પૂર્વે ભગ્નચરિત્ર;
સિંચે નયન સુધારસેજી, હવે મિલ્યો મંખલીપુત્ર. ચઉ૦ ॥૧૩॥

નદીતીરે પ્રતિબિંબીયાજી, જિનપદ લક્ખણ દિઠ્ઠ,
સામુદ્રિક જોઈ કહેજી, ઈન્દ્ર થયો મનિ ઈઠ્ઠ. ચઉ૦ ॥૧૪॥

સુર સંગમ અધમે કર્યાજી, બહુ ઉપસર્ગ સહંત;
દેશ અનારજ સંચર્યાજી, જાણી કર્મ મહંત. ચઉ૦ ॥૧૫॥

વ્યંતરીકૃત સહી શીતથીજી, લોકાવધિ લહે નાણ;
પૂર્વકૃત કર્મે નડ્યાજી, જેહના નહિ પરમાણ. ચઉ૦ ॥૧૬॥

ચમરો શરણે રાખિયોજી, સુસુમારપુરિ ધરી ધ્યાન;
અનુક્રમે ચંદનબાલિકાજી, પ્રતિલાભે ભગવાન. ચઉ૦ ॥૧૭॥

કાને ખીલા ઘાતિજી, ગોપ કરે ઘોર કર્મ;
વૈદ્યે તે વલી ઉદ્ધર્યાજી, સહી વેદન અતિ મર્મ. ચઉ૦ ॥૧૮॥

સાડાબાર વરસ લગેજી, કર્મ કર્યાં સવિ જેર;
ચઉવિહાર તપ જાણવુંજી, નિતુ કાઉસ્સગ્ગ જિમ મેર. ચઉ૦ ॥૧૯॥

હવે તપસંકલના કહુંજી, જે કીધો જિનરાય;
ભૂમિ બેઠા કદીયે નહિજી, ગોદુહિકા આસન ઠાય.. ચઉ૦ ॥૨૦॥

## ષષ્ઠ વ્યાખ્યાનની દ્વિતીય સજ્ઝાય

**(ઢાળ-સાતમી)**

(રાગ : પ્રભુ પાસનું મુખડું જોવા)

નવ ચઉમાસ દો છ માસ, અઢીમાસી દોઢમાસી;
દુગ દુગ દુગ ત્રણમાસી, કીધો એક છમાસી ॥૧॥

માસખમણ બાર જાણો, બહોંતેર પખ દિલ આણો;
પણ દિન ઊણા છમાસ, બિસય ગુણતીસ છટ્ઠ ખાસ ॥૨॥

ભદ્ર-મહાભદ્ર પડિમા, તેમ સર્વતોભદ્ર મહિમા;
દુગ ચઉ દશ દિનમાન, બાર અઠ્ઠમ ગુણખાણ ॥૩॥

દિક્ખાદિન એક લહીએ, પારણદિન સવિ કહીએ;
ત્રણસેં ઓગણપચાસે, ચઉવિહાર ઉલ્લાસે ॥૪॥

બાર વરસ ખટ માસ, ઉપર પખ એક ખાસ;
એમ છદ્મસ્થ પર્યાય, પ્રભુ જૃંભક ગામે જાય ॥૫॥

ઋજુવાલિકા તીરે, જીરણચૈત્ય અદૂરે;
સામા કોડંબીને ખેટે, શાલિદ્રુમ તણે હેઠે ॥૬॥

છટ્ઠભક્તને અંત, ગોદુહિકાસને બેસંત;
માધવ સુદિ દશમી સંગે, શુક્લધ્યાન ધરે મનરંગે ॥૭॥

ઉત્તરાફાલ્ગુની યોગે, પાછલે પ્રહર પ્રસંગે;
સૂર્ય પશ્ચિમે જાવે, વિજયમુહૂર્ત તિહાં આવે ॥૮॥

કેવલજ્ઞાન એ પાવે, સકલ સુરાસુર આવે;
દિયે તિહાં ઉપદેશ, કોઈ ન લહ્યો ધર્મલેશ ॥૯॥

તિહાંથી અપાપાએ આવ્યા, સમવસરણ કરી ઠાયા;
તિહાં પ્રભુદેશના દીધી, કર્ણકચોલે એ પીધી ॥૧૦॥

## ષષ્ઠ વ્યાખ્યાનની તૃતીય સજ્ઝાય

**(ઢાળ-આઠમી)**

(રાગ : ભૂલો ભલે બીજું બધું મા બાપને..
મેં ભટ્યો રે ગિરિરાજ)

તિહાં અપાપામાં વસે રે, માહણ સોમિલ નામ તો;
યજ્ઞ મંડાવ્યો છે તિહાં, તેડ્યા માહણ રે, યજ્ઞના જાણ કે-
ધન ધન વીર વાણી, ધન પ્રાણી રે, જેણે હૃદયે આણી કે;
ધન ધન વીર વાણી ॥૧॥

મગધદેશ ગોબર ગામથી, આવિયા ધરી અહંકાર તો;
ઈન્દ્રભૂતિ આદે દઈ, અધિકારી રે,
માહણ અગિયાર તો. ધન૦ ॥૨॥

ઈન્દ્રભૂતિ અગ્નિભૂતિ વાયુ સગા ત્રિબંધુ તો;
વ્યક્ત સોહમ મંડિત મોરિય, અકંપિતાચલભ્રાતા રે,
મેતાર્ય પ્રભાસ તો. ધન૦ ॥૩॥

ચઉસહસ ચારસેં અછે, તેહનો સવિ પરિવાર તો;
એકેકો સંદેહ છે, મનમાંહિ રે,
વહે ગિરિ જિમ ભાર તો. ધન૦ ॥૪॥

જીવ કર્મ જીવ તે શરીર, ભૂત તેહવો થાય બંધ તો;
દેવ નારક પુણ્ય પરલોકનો, મોક્ષ ન માને રે,
એ સંશય દેખ તો. ધન૦ ॥૫॥

સુણી વીર સર્વજ્ઞને, આવિયા ધરી અભિમાન તો;
નિઃસંશય કરી તેહને, દેઈ દીક્ષા રે,
કર્યો જન્મ પ્રમાણ તો. ધન૦ ॥૬॥

ગણધર ઈગ્યાર થાપિયા, તીરથ થાપે સાર તો;
સોહમને આદે કરી, હસ્તદીક્ષિત રે,
મુનિ ચૌદ હજાર તો. ધન૦ ॥૭॥

આર્યા ચંદના આદે દઈ, સાધવી સહસ છત્તીસ તો;
એક લાખ ગુણસઠ્ઠી વ્રતધરા, શંખ પ્રમુખો રે,
શ્રાવક લહેસ તો. ધન૦ ॥૮॥

સુલસા રેવતિ આદે દઈ, શ્રાવિકા ત્રણ લાખ સાર તો;
સહસ અઢારહ ઉપરે, ઓહિનાણી રે,
વળી તેરસેં સાર તો.ધન૦ ॥૯॥

ચૌદપૂરવી ત્રણસેં, સાતસેં કેવળનાણી તો;
તિમ વૈક્રિય-મણપજ્જવી, સગ પાંચસેં રે,
વાદી ચઉસય માન તો. ધન૦ ॥૧૦॥

ઈત્યાદિક પરિવારશું, કરે ભવિકને ઉપકાર તો;
મધ્ય અપાપાપુરી જિહાં, તિહાં આવ્યાં રે,
શ્રી વીર ઉદાર તો. ધન૦ ॥૧૧॥

પ્રથમ ચોમાસું અસ્થિગ્રામે, વિશાલાએ બાર તો;
ચૌદ રાજગૃહી જાણીએ, પૃષ્ઠચંપા રે,
નિશ્રાએ ત્રણ સાર તો. ધન૦ ॥૧૨॥

ષટ્ મિથિલા દોય ભદ્રિકા, આલંભિકાએ એક તો;
એક અનારજ ભૂમિકા, સાવત્થી રે,
નિશ્રાએ એક તો. ધન૦ ॥૧૩॥

બેતાલીશમું અપાપાએ, કર્યું કરુણા આગાર તો;
હસ્તિપાલરાજા તણી દાનશાલા રે,
અંતિમ ચોમાસું સાર તો. ધન૦ ॥૧૪॥

અમાવાસી કાર્તિક તણી, નક્ષત્રે સ્વાતિ સંયોગ તો;
સોળ પ્રહર દેશના દેયતાં, કરી પોસહ રે,
સુણે સવિ નૃપ લોક તો. ધન૦ ॥૧૫॥

સર્વાર્થ મુહૂર્તે પાછલી, ઘડી હોય રયણી જામ તો;
યોગનિરોધ કરી તિહાં, છઠ્ઠ ભક્ત રે,
એકાકી સ્વામ તો. ધન૦ ॥૧૬॥

શિવ પહોંતા શ્રી વીરજી, તે સુણી ગૌતમસ્વામ તો;
આપસ્વભાવે ભાવતાં, પરભાતે રે,
લહે કેવલ તામ તો. ધન૦ ॥૧૭॥

તિણે સમે કુંથુ અણુદ્ધરી, ઉપની જાણી વિશેષ તો;
ભસ્મગ્રહ પણ સંક્રમ્યો, જન્મરિક્ષે રે,
આયતિ ફળ પેખ તો. ધન૦ ॥૧૮॥

દોય સહસ વરિસાં લગે, હોશે ભસ્મગ્રહ પ્રભાવ તો;
ઉદિતોદિત પૂજા નહિ, પ્રવચને રે,
એહવો કહ્યો ભાવ તો. ધન૦ ॥૧૯॥

ભસ્મગ્રહ પીડા ટળ્યે, પછી હોશે અધિક મંડાણ તો;
એકવીશ સહસ વરસાં લગે, વીરશાસનનું રે,
કહ્યું પ્રમાણ તો. ધન૦ ॥૨૦॥

ત્રીશ વરસ ઘરમાં વસ્યા, બેતાલીસ વ્રતમાંહિ તો;
સવિ બહોંતેર વર્ષનું, આયુ જાણો રે,
જિનનું ઉછાંહિ તો. ધન૦ ॥૨૧॥

પરવ દિવાલી તે થયું, જિહાં લહ્યા જિન શિવસુખ તો;
સૂત્રમાંહે અધિકાર છે, તે સુણતાં રે,
જાયે ભવદુઃખ તો. ધન૦ ॥૨૨॥

શ્રી વીરના નિર્વાણથી, નવસેં ને એંશી વર્ષે તો;
એ સૂત્ર પુસ્તકે સંગ્રહ્યો, દેવડ્ઢી રે,
ખમાસમણે દેખ તો. ધન૦ ॥૨૩॥

ધ્રુવસેનનૃપ ઉપરોધથી, આનંદપુરમાં એહ તો;
સભા સમક્ષે વાંચિયો, નવસેં ત્રાણું રે,
વરસે સસનેહ તો. ધન૦ ॥૨૪॥

નવ ગણધર શ્રી વીરના, જિન છતે હુઆ સિદ્ધ તો;
રાજગૃહી માસસંલેખના, કરી પહોતા રે,
પરિવાર પ્રસિદ્ધ તો. ધન૦ ॥૨૫॥

વરસ બારે શિવ લહ્યા, વીરથી ગૌતમસ્વામ તો;
એ અતિશય મોટો કહ્યો, જે દિક્ખે રે,
તે લહે શિવઠામ તો. ધન૦ ॥૨૬॥

સંપ્રતિ વરતે મુનિવરા, સોહમસ્વામી પરિવાર તો;
વીશે વરસે સિઝિયા, શ્રી વીરથી રે,
સોહમ ગણધાર તો. ધન૦ ॥૨૭॥

પંચ કલ્યાણક એ કહ્યાં, શ્રી વીર તણાં વિસ્તાર તો;
જ્ઞાનવિમલ ગુરુથી લહ્યો, વ્યાખ્યાને રે,
છઠ્ઠે એ અધિકાર તો. ધન૦ ॥૨૮॥

## સપ્તમ વ્યાખ્યાનની પ્રથમ સજ્ઝાય

**(ઢાળ-નવમી)**

(રાગ : જીવનના મહાસાગરમાં એવું../ ઓઘો છે અણમૂલો)

હવે સુણો પંચ કલ્યાણક, શ્રી જિનપાસનાં,
**મારા લાલ** કે શ્રી જિનપાસનાં,
જિમ હોય સમકિત શુદ્ધ, સદા શુભ વાસના,
**મારા લાલ** સદા શુભ વાસના,

કાશીદેશ વિભૂષણ, નયરી વાણારસી ॥મારા૦॥નયરી૦ ॥
અશ્વસેનનૃપ વામા, રતિ રંભા જિસી ॥મારા૦॥રતિ૦ ॥૧॥

પ્રાણતકલ્પથી ચવિયા, ચૈત વદિ ચોથમાં ॥મારા૦ ॥ચૈત૦ ॥
વિશાખા વિધુયોગે, સમય મજ્ઝરયણીમાં ॥મારા૦॥સમય૦॥
વામાકૂખે ઊપન્યા, ચૌદ સુપન લહે ॥મારા૦॥ચૌદ૦॥
વીર તણી પરે સર્વ, કંત આગે કહે ॥મારા૦ ॥કંત૦ ॥૨॥

અનુક્રમે પોષ બહુલ, દસમી દિન જાઈઆ ॥મારા૦॥દસમી૦ ॥
વિશાખા મજ્ઝરયણી, ત્રિનાણ સહાઈઆ ॥મારા૦॥ત્રિનાણ૦॥
દિશિકુમરી મહ ઈન્દ્ર, નૃપતિ આદે કરે ॥મારા૦॥નૃપતિ૦॥
સજ્જન કુટુંબને સાખે, પાસ નામ તે ધરે ॥મારા૦॥પાસ૦ ॥૩॥

કૃષ્ણસર્પ નિજ શય્યા, પાસે દીઠા ભણી ॥મારા૦॥પાસે૦ ॥
નીલવરણ નવ હાથ, કાયા સોહામણી ॥મારા૦॥કાયા૦॥
નયર કુશસ્થલ સ્વામી, પ્રસેનજિત કુંઅરી ॥મારા૦॥પ્રસેન૦॥
પ્રભાવતીને પરણ્યા, અનુક્રમે વયધરી ॥મારા૦॥અનુ૦॥૪॥

એક દિન બેઠા જોવે, ગોખે પુર જોવાય ॥મારા૦॥ગોખે૦॥
એક દિશિ લોક ખલક, મિલ્યો બલી ઢોયવા ॥મારા૦॥મિલ્યો૦॥
પૂછે પાસકુમાર, કિશ્યું એ જન મલે ॥મારા૦॥કિશ્યું૦ ॥
કમઠ તાપસની વાત, કહી તે સાંભલે ॥મારા૦॥કહી૦ ॥પ॥

કૌતુકે નહિ પણ સહજ-સ્વભાવે તિહાં ગયા ॥મારા૦॥સ્વભાવે૦॥
બળતો પન્નગ દેખી, કહે તુજ નહિ દયા ॥મારા૦॥કહે૦॥

તુરત કુઠાર મંગાવી, કાષ્ઠ વિદારિઓ ।।મારા૦।।કાષ્ઠ૦।।
જલતો પન્નગ દેખી, સહુએ ધિક્કારિયો ।।મારા૦।।સહુએ૦।।૬।।

સેવક મુખ નવકાર, સુણાવી ઉદ્ધર્યો ।।મારા૦।।સુણાવી૦ ।।
મરી થયો ધરણેન્દ્ર, પ્રભુ જશ વિસ્તર્યો ।।મારા૦।।પ્રભુ૦।।
અપમાન્યો તિહાં કમઠ, હઠેં બહુ તપ કરી ।।મારા૦।।હઠેં૦।।
મેઘમાલી થયો દેવ, અજ્ઞાનપણે મરી ।।મારા૦।।અજ્ઞાન૦।।૭।।

ત્રીશ વરસ ગૃહવાસે, દે દાન સંવત્સરી ।।મારા૦।।દે૦।।
પોષબહુલ અગિયારસી-દિન વ્રત આચરી ।।મારા૦।।દિન૦।।
ત્રણસેં પુરુષ સંઘાત, વિશાખા અઠ્ઠમ તપે ।।મારા૦।।વિશાખા૦।।
આશ્રમપદ ઉદ્યાન, અશોક તણેં દ્રુમે ।।મારા૦।।અશોક૦।।૮।।

ધન્ય વિપ્ર ઘરે પારણું, પરમાન્ને કરે ।।મારા૦।।પર૦।।
એક દિન વડ તલે, રયણિએ કાઉસ્સગ્ગ ધરે ।।મારા૦।।રયણિ૦।।
તિહાં મેઘમાલી નામ, અધમ સુર આવિયો ।।મારા૦।।અધમ૦।।
દેખી કરે ઉપસર્ગ, જલદ વરસાવિયો ।।મારા૦।।જલદ૦ ।।૯।।

જળમળી ધૂળીની વૃષ્ટિ, કરી નભ છાહિયો ।।મારા૦।।કરી૦।।
તિણે રજે તેહિ જ દુષ્ટ, કમઠ શઠ વાહિયો ।।મારા૦।।કમઠ૦।।
મુશલ પરે જલધાર, ઝબૂકે વીજળી ।।મારા૦।।ઝબૂકે૦।।
વહે તિહાં નદી અસરાલ, કે રાતિ તમે મળી ।।મારા૦।।રાતિ૦।।૧૦।।

આસન કંપે તામ, ધરણ સુર આવિયો ।।મારા૦।।ધરણ૦।।
કરી નિજ ફણનો છત્ર, ઘનૌઘ રખાવિયો ।।મારા૦।।ઘનૌઘ૦।।

પણ નાસા લગે નીર, ચઢ્યો તવ જોઈઓ ।।મારા૦।।ચઢ્યો૦।।
હાંક્યો કમઠ ઉલ્લંઠ, ભણે એ શું કીયો ।।મારા૦।।ભણે૦।।૧૧।।

સ્વામી આશાતના કીધ, હવે જાઈશ કિહાં ? ।।મારા૦।।હવે૦।।
ચરણે શરણે પેસી, ખમાવે તે તિહાં ।।મારા૦।।ખમાવે૦।।
કરી નાટિક ધરણેન્દ્ર, સ્વકીય પદે ગયા ।।મારા૦।।સ્વકીય૦।।
પ્રભુ પણ કરે વિહાર, ત્યાશી દિન થયા ।।મારા૦।।ત્યાશી૦।।૧૨।।

ચૈત્ર બહુલ તિથિ ચોથ, વિશાખા વિધુ મળે ।।મારા૦।।વિશાખા૦।।
છઠભક્ત ધાવડી હેઠે, કેવળ ઝળહળે ।।મારા૦।।કેવળ।।
ગણી ગણ આઠ ઉદાર, મુનિ આર્યદિન મુખા ।।મારા૦।।મુનિ૦।।
સોલ સહસ તિમ સાહૂણી, પુષ્ફચૂલા મુખા ।।મારા૦।।પુષ્ફ૦ ।।૧૩।।

અડત્રીસ સહસ સુણો હવે, શ્રાવક શ્રાવિકા ।।મારા૦।।શ્રાવક૦ ।।
એક લખ ચૌસઠ સહસ, સુવ્રત મુખ ભાવિકા ।।મારા૦।।સુવ્રત૦।।
ત્રણ લખ સહસ્સ સત્તાવીશ, નંદા આદિ છે ।।મારા૦।।નંદા૦।।
કેવલી સહસ્સ જ એક, અવધિ મુનિ ચૌદસેં ।।મારા૦।।
અવધિ૦।।૧૪।।

છસય ઋજુ મણપજ્જ, વિપુલમતિ આઠસેં ।।મારા૦।।વિપુલ૦।।
ચૌદપૂર્વી સય ઊઠ, વાદી મુનિ છે છસેં ।।મારા૦।।વાદી૦।।
દશ સય સિદ્ધ્યા સાધુ, વીશ સય સાધવી ।।મારા૦।।વીશ૦ ।।
બાર સયાં મુનિરાજ, અનુત્તર ગતિ મવી ।।મારા૦।।અનુ૦।।૧૫।।

સત્તરિ વર્ષ વ્રતમાંહી, રહી સંમેતગિરિ ।।મારા૦।।રહી૦ ।।

આયુ વરસ શત એક, અંતે યોગ સંવરી ॥મારા૦ ॥અંતે૦॥
માસભક્તે તેત્રીશ, મુનિશું પરિવર્યા ॥મારા૦॥મુનિશું૦॥
કાઉસ્સગ્ગમાં મધ્યરયણી-સમય પ્રભુ શિવ વર્યા ॥મારા૦॥
સમય૦॥૧૬॥

શ્રાવણસુદિ દિનઆઠમ,વિશાખા રિખ મિલે॥મારા૦॥વિશાખા૦॥
વીરનિર્વાણથી વર્ષ, અઢીસય પાછલે ॥મારા૦॥અઢી૦॥
પુરિસાદાણી એહ, બિરુદ એમ દાખીએ ॥મારા૦॥બિરુદ૦॥
જ્ઞાનવિમલ ગુરુવયણે, થિરચિત્ત રાખીએ ॥મારા૦॥થિર૦॥૧૭॥

## સપ્તમ વ્યાખ્યાનની દ્વિતીય સજ્ઝાય

**(ઢાળ-દશમી)**

(રાગ : પાપીને તું પ્યાર કરી લે / દેશી-ઝમખડાની,
શ્રી સીમંધર સાહિબા, હું કેમ આવું તુમ પાસ)

નેમિસર તણાં દાખીએ રે, પોઢાં પંચ કલ્યાણ ॥સોભાગી સાંભળો॥
અપરાજિત અનુત્તર થકી રે, ચવિયા શ્રી જિનભાણ;
**સોભાગી સાંભળો ॥૧॥**

બત્રીશ સાગર ભોગવી રે, સોરીપુરે અભિરામ ॥સો૦॥
સમુદ્રવિજય નૃપની પ્રિયા રે, માતા શિવાદે નામ ॥સો૦॥૨॥

કાર્તિક વદિ બારસી દિને રે, ચિત્રા રિખ વિધુ યોગ ॥સો૦॥
સુપનપેખણ ગર્ભપોષણા રે, પાછલ પરે સવિ ભોગ ॥સો૦॥૩॥

શ્રાવણ સુદિ પંચમી દિને રે, જન્મ્યા શ્રી જિનરાજ ॥સો૦॥
જન્મમહોત્સવ સુર કરે રે, પૂરવ પરે નૃપરાજ ॥સો૦॥૪॥

અરિષ્ટનેમિ નામ થાપિયો રે, યદુકુળનો શિણગાર ॥સો૦॥
એક દિન આયુધઘર ગયા રે, શસ્ત્ર ગ્રહ્યાં તેણી વાર ॥સો૦॥૫॥

શંખ પૂર્યો જબ શામળે રે, તબ થયા ત્રિભુવન કંપ ॥સો૦॥
શંકિત મન હરિનું થયું રે, ન લહે કિહાં હિ જંપ ॥સો૦॥૬॥

બલ પરિખણ પણ હારિઓ રે, જિમ જુઆરી દાય ॥સો૦॥
અનુક્રમે ગોપી મળે સવિ રે, કીધા બહુલા ઉપાય ॥સો૦॥૭॥

રાજીમતીને પરણવા રે, તોરણ આવ્યા જામ ॥સો૦॥
પશુપોકાર સુણી કરે રે, પાછા વળિયા તામ ॥સો૦॥૮॥

કુમારપણે વર્ષ ત્રણસયાં રે, વાર્ષિકા દેઈ દાન ॥સો૦॥
શ્રાવણ સુદિ છઠ્ઠી દિને રે, સહસ પુરુષશું માન ॥સો૦॥૯॥

છઠ્ઠભક્તે ચિત્તા રિખે રે, સહસાવન લીયે જોગ ॥સો૦॥
છદ્મસ્થા ચૌપન દિના રે, લહે કેવળ સંજોગ ॥સો૦॥૧૦॥

આસોજ વદિ અમાવસી રે, અઠ્ઠમ કરી ચઉવિહાર ॥સો૦॥
પચ્છિમ યામ ચિત્રારિખે રે, સહસાવન ગિરનાર ॥સો૦॥૧૧॥

ગણી અઢારહ થાપિયા રે, મુનિવર સહસ અઢાર ॥સો૦॥
સહસ ચાલીશ જસ સાધવી રે, ગુણમણી રયણ ભંડાર ॥સો૦॥૧૨॥

એક લખ ગુણસત્તરી સહસ્સ રે, શ્રાવક સમ વ્રતધાર ॥સો૦॥
ત્રણ લખ સહસ છત્તીસ કહ્યો રે, શ્રાવિકાનો પરિવાર ॥સો૦॥૧૩॥

ચારસેં ચૌદ પૂરવધરા રે ઓહિનાણી દોઢ હજાર ।।સો૦।।
વૈક્રિયલબ્ધિ કેવલી રે, પન્નરસય વળી સાર ।।સો૦।।૧૪।।

સહસ વિપુલમતિ જાણીએ રે, આઠસેં વાદી વિચાર ।।સો૦।।
સોલશત સાધુ અનુત્તર ગયા રે, સિદ્ધ્યા દોઢ હજાર।।સો૦।।૧૫।।

ત્રણ સહસ સિદ્ધિ આર્યિકા રે, ઈમ જિનનો પરિવાર ।।સો૦।।
રાજીમતી સંયમ ગ્રહી રે, જિનહાથે લઈ શિવ સાર ।।સો૦।।૧૬।।

ત્રણસેં વરસ ઘરે રહ્યા રે, સાતસેં વ્રતપર્યાય ।।સો૦।।
સહસ વરસનું આઉખું રે, રૈવતગિરિ જિનરાય ।।સો૦।।૧૭।।

અષાઢ સુદિ આઠમ દિન રે, ચિત્રા રિખ મધ્ય રાત ।।સો૦।।
પાંચસે છત્રીસ સાધુશું રે, માસભક્તે વિખ્યાત ।।સો૦।।૧૮।।

પર્યંકાસન શિવ લહ્યા રે, પાસથી અંતર માન ।।સો૦।।
ત્યાસી સહસ ને સાતસેં રે, વર્ષ પચાસનું માન ।।સો૦।।૧૯।।

પાંચ કલ્યાણક નેમિનાં રે, ભાખ્યાં કલ્પપ્રમાણ ।।સો૦।।
જ્ઞાનવિમલ ગુરુમુખથી રે, વિસ્તાર સુણ્યો જાણ ।।સો૦।।૨૦।।



## સપ્તમ વ્યાખ્યાનની તૃતીય સજ્ઝાય

**(ઢાળ અગિયારમી)**

(રાગ : ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો..
અમૃત ભરેલું અંતર જેનું.. આંધળી મા નો પત્ર)

સવિ જિનનાં અવદાત ભણંતાં, વાધે ગ્રન્થ વિસ્તારે રે;
તેહ ભણી શેષ જિનના કહીએ, અંતરનો અધિકાર રે.
**સાંભળજો શ્રોતાજન વારુ**॥૧॥

નેમથકી પાંચ લાખે વરસે, શ્રી નમિજિનવર જાણ રે;
ષટ્લાખે મુનિસુવ્રત મલ્લિ, ચોપન લાખ વર્ષ પ્રમાણ રે.
સાંભળજો૦॥૨॥

કોટિ સહસ વર્ષ અર જિનવર, કુન્થુને અંતર જાણો રે;
એક પલ્યોપમનો ભાગ ચોથો, કોટિ સહસ વર્ષ ઊણો રે.
સાંભળજો૦॥૩॥

અર્દ્ધ પલ્યોપમે શાન્તિ જિનેશ્વર, ત્રણ સાગર પહેલાં ધર્મ રે;
પોણ પલ્યોપમ ઊણે કહીએ, ચાર સાગરે અનંતજિન મર્મ રે.
સાંભળજો૦॥૪॥

નવ સાગર શ્રી વિમલ જિનેશ્વર, ત્રીસ સાગરે વાસુપૂજ્ય રે;
ચોપન સાગરે શ્રી શ્રેયાંસહ, જિનવર થયા જગપૂજ્ય રે.
સાંભળજો૦॥૫॥

એક કોડી સાગર ગયે શીતળ, તેહમાં એટલું ન્યૂન રે;
એક શત સાગર ને છાસઠ લખ, છવ્વીસ સહસ વર્ષ ન્યૂન રે
સાંભળજો૦॥૬॥

સુવિધિનાથ નવ કોટિ સાગર, નેવું ક્રોડ સાગરે ચન્દ્ર રે;
શ્રી સુપાસ નવ શત ક્રોડ સાગર, અંતર એહ અમંદ રે.
સાંભળજો૦॥૭॥

નવ હજાર ક્રોડ સાગરે જાણો, પદ્મપ્રભ જિનચંદ રે;
નેવું હજાર ક્રોડ સાગર સુમતિ, નવ લખ ક્રોડ અભિનંદન રે
સાંભળજો૦॥૮॥

દશ લખ ક્રોડ અયરે શ્રી સંભવ, ત્રીશ લખ સાગર ક્રોડ રે;
અજિત થયા તેહથી લખ પંચાશ, સાગરે ઋષભજિન ક્રોડ રે
॥સાંભળજો૦॥૯॥

એ નિરવાણથી પશ્ચાનુપૂર્વી, અંતર કેરું માન રે;
ચોવીશ જિનનાં ત્રેવીશ અંતર ઈમ, ચોથા આર પ્રમાણ રે.
॥સાંભળજો॥૧૦॥

સહસ બેંતાલીશ પંચોતેર, માસ વલી સાડા આઠ રે;
એટલે ઊણો ચોથો આરો, ત્રેવીશ જિનના પાઠ રે
સાંભળજો૦॥૧૧॥

જ્ઞાનવિમલ ગુરુમુખથી લહીએ, સાતમે એહ વખાણ રે;
સવિ જિનનાં ચરિત્ર સુણંતાં, દિન દિન ક્રોડ કલ્યાણ રે
સાંભળજો૦॥૧૨॥

# સપ્તમ વ્યાખ્યાનની ચતુર્થ સજ્ઝાય

(ઢાળ બારમી)

(રાગ : ઓ શંખેશ્વર પાર્શ્વ પ્રભુ, તારું નામ જગતમાં અમર છે..
જી હો જાણ્યું અવધિ પ્રયુંજીને-દેશી)

જીહો પંચ કલ્યાણક ભાખીએ, જીહો ઋષભ તણાં સુખદાય;
જીહો ત્રીજા આરાના છેહડે, જીહો સુષમ-દુષમ કહેવાય.
ચતુર નર સુણીએ સૂત્ર સુજાણ ॥૧॥

જીહો ચુલસી લખ પૂરવ વલી, જીહો વર્ષ ત્રણ ને અડમાસ;
જીહો એકપખ ઉપરી થાકતે, જીહો કુલઘર ઘર થયો વાસ.
ચતુર૦॥૨॥

જીહો વદિ ચોથે આષાઢની, જીહો જંબૂ ભરત મઝાર;
જીહો સરવારથથી આવિયા, જીહો નાભિનૃપતિ શણગાર.
ચતુર૦॥૩॥

જીહો મરુદેવી કૂખે ઉપન્યા, જીહો ઉત્તરાષાઢે ચંદ;
જીહો મજ્ઝરયણી તિહું નાણશું, જીહો દેખે ચૌદ સુપન.
ચતુર૦॥૪॥

જીહો નાભિ અર્થ આપે કહે, જીહો અથવા ભાખે ઈંદ;
જીહો સુપન-પાઠક નથી તે સમે, જીહો ઉચિત કરે સવિ ઈંદ.
ચતુર૦॥૫॥

જીહો ચૈત્ર બહુલ આઠમ દિને, જીહો ઉત્તરાષાઢે ચંદયોગ;
જીહો જિન જન્મ્યા તવ આવિયા, જીહો સકલ સુરાસુર લોગ
ચતુર૦॥૬॥

જીહો પ્રથમ વૃષભ દીઠા ભણી, જીહો અથવા વૃષભનું અંક;
જીહો વૃષભ નામ તિણે થાપિયું, જીહો વંશ ઈક્ખાગ મયંક
ચતુર૦॥૭॥

જીહો રાજા પ્રથમ એ જાણીએ, જીહો જુગલિક નર અભિષેક;
જીહો કરવાને તિહાં આવિયા, જીહો હરિ દાખે સુવિવેક.
ચતુર૦॥૮॥

જીહો નયર વિનીતા વાસિયો, જીહો દેખી વિનયગુણ ઠાય;
જીહો વિવાહાદિક સવિ કરે, જીહો ઈન્દ્ર ઈન્દ્રાણી આય.
ચતુર૦॥૯॥

જીહો બ્રાહ્મી-ભરત સુમંગલા, જીહો પ્રસવે યુગલ સમેત;
જીહો સુંદરી-બાહુબલી જણે, જીહો સુંનદા શુભચેત.
ચતુર૦॥૧૦॥

જીહો સુમંગલાને થયા, જીહો યુગલ ઓગણપચાસ;
જીહો શત બેટા દોય બેટડી, જીહો શતવિજ્ઞાન પ્રકાશ.
ચતુર૦॥૧૧॥

જીહો બહુત્તેર પુરુષ તણી કલા, જીહો નારી કલા ચૌસઠ્ઠ;
જીહો લિપિ અઢારે સોહામણી, જીહો કુલ ચઉ થાપે ઉક્કિઠ્ઠ.
ચતુર૦॥૧૨॥

જીહો વીશ લખ્ પૂરવ કુમારમાં, જીહો ત્રેસઠ પૂરવ રાજ;
જીહો દેશ દિયે સવિ પુત્રને, જીહો ભરત વિનીતા રાજ.
ચતુર૦॥૧૩॥

જીહો લોકાન્તિક સુર વયણથી, જીહો દેઈ વરસીદાન;
જીહો બેસી સુદંસણા પાલખી, જીહો ચાર સહસ નર માન.
ચતુર૦॥૧૪॥

જીહો ચૈત્ર બહુલ આઠમ દિને, જીહો છઠ્ઠ તપ ઉત્તરાષાઢ;
જીહો ચઉમુટ્ઠી લુંચન કરે, જીહો પરીષહ સહે અગાઢ.
ચતુર૦॥૧૫॥

જીહો વરસાધિક ગયે પારણું, જીહો ઈક્ખુરસ દીએ શ્રેયાંસ;
જીહો વરસ સહસ છદ્મસ્થમાં, જીહો વિહાર કરે નિરાશંસ.
ચતુર૦॥૧૬॥

જીહો ફાલ્ગુણ વદિ અગિયારશે, જીહો પુરિમતાલ ઉદ્યાન;
જીહો અટ્ઠમ ઉત્તરાષાઢશું, જીહો પામે કવલજ્ઞાન. ચતુર૦॥૧૭॥

જીહો સકળ સુરાસુર આવિયા, જીહો ચક્રી ભરત નરિંદ;
જીહો મરુદેવી સિદ્ધચા તણો, જીહો ઉત્સવ કરે આણંદ.
ચતુર૦॥૧૮॥

જીહો ઋષભસેન આદે કરી, જીહો ચોરાશી ગણધાર;
જીંહો સહસ ચોરાશી મુનિવરા, જીહો સાધવી ત્રણ લખ સાર.
ચતુર૦॥૧૯॥

જીહો ત્રણ લખ શ્રાવક જેહને, જીહો ઉપર પાંચ હજાર;
જીહો પણ લાખ ચોપન સહસ છે, જીહો શ્રાવિકા પરિવાર.
ચતુર૦॥૨૦॥

જીહો ચાર સહસ સાડા સાતસેં, જીહો ચૌદ પૂરવધર જાણ;
જીહો નવ સહસ ઓહિ કેવલી, જીહો વીશ સહસ પરિમાણ.
ચતુર૦॥૨૧॥

જીહો વીશ હજાર છ સય ઉપરે, જીહો વૈક્રિયલબ્ધિ મુણિંદ;
જીહો બાર સહસ છય વિપુલમતિ, જીહો પંચાશ અધિક અમંદ.
ચતુર૦॥૨૨॥

જીહો તેતા વાદી જાણીએ, જીહો વીશ સહસ મુનિ સિદ્ધ;
જીહો ચાલીસ સહસ સિદ્ધ સાહૂણી, જીહો તેણે મનવંછિત લીધ.
ચતુર૦॥૨૩॥

જીહો સહસ બાવીશ નવ શત મુનિ, જીહો અનુત્તર પહોંત્યા તેહ;
જીહો એક લખ પૂરવ ઈણી પરે, જીહો વ્રતપર્યાયે એહ.
ચતુર૦॥૨૪॥

જીહો લખ઼ ચોરાશી પૂર્વનું, જીહો પાળી પૂરણ આય;
જીહો દશ સહસ મુનિશું પરિવર્યા, જીહો અષ્ટાપદગિરિ જાય
ચતુર૦॥૨૫॥

જીહો માઘબહુલ તેરસી દિને, જીહો અભિજિત નક્ષત્રે ચંદ;
જીહો ચૌદભક્ત પદ્માસને, જીહો શિવ પહોતા જિનચંદ.
ચતુર૦॥૨૬॥

જીહો આસન ચલે સવિ ઈન્દ્રનાં, જીહો આવે લઈ પરિવાર;
જીહો કરે ઉત્સવ નિરવાણનો, જીહો જંબૂપન્નતિ અધિકાર.
ચતુર૦॥૨૭॥

જીહો પખ નેવ્યાશી થાકતે, જીહો ત્રીજા આરા માંહ;
જીહો ઋષભજી શિવસુંદરી વર્યા, જીહો એ થિતિનો પ્રવાહ.
ચતુર૦॥૨૮॥

જીહો આદિકરણ એ ધર્મનો, જીહો એહશું ધર્મસનેહ;
જીહો પ્રથમ તીર્થંકર મુનિપતિ, જીહો જ્ઞાનવિમલ ગુણગેહ.
ચતુર૦॥૨૯॥

## અષ્ટમ વ્યાખ્યાનની પ્રથમ સજ્ઝાય

**(ઢાળ તેરમી)**

(રાગ : ધન ધન તે દિન ક્યારે આવશે...
નમો નમો મનક મહામુનિ)

**નમો નમો ગણધર સ્થવિરોને,** વીર તણા અગિયાર રે;
ઈન્દ્રભૂતિ અગ્નિભૂતિ વાયુભૂતિ, વ્યક્ત સોહમ ગણધાર રે.
નમો૦॥૧॥

મંડિત મોરિયપુત્રજી, અકંપિત અચલભ્રાત રે;
મેતાર્ય પ્રભાસ જાણીએ, એકાદશ ગણી ખ્યાત રે. નમો૦॥૨॥

વીર છતે નવ શિવ લહ્યા, સપરિવાર માસભક્તે રે;
રાજગૃહે વળી ગોયમો, બાર વરસ વીર અંતે રે.નમો૦॥૩॥

સોહમગણી શ્રી વીરથી, વીશ વરસે શિવ લહિયા રે;
તેહના જંબૂ કેવલી, પછી શિવ કેવળ રહિયા રે. નમો૦॥૪॥

પ્રભવ સિજ્જંભવ જાણીએ, જશોભદ્ર સંભૂતિ વિજયા રે;
ભદ્રબાહુ થૂલિભદ્રજી, શ્રુતકેવળી[1] ષટ્ કહિયા રે. નમો૦॥૫॥

આર્યસુહસ્તિ મહાગિરિ, સુસ્થિત સુપડિબદ્ધા રે;
ઈન્દ્રદિન્ન સિંહગિરિ જાણીએ, દિન્ન ધન ગિરિ સુપ્રસિદ્ધા રે.
નમો૦॥૬॥

વયરસેન વજ્જસેનજી, એ દશ પૂરવધારી રે;
ગુણસુંદર શ્યામાચાર્યજી, શાંડિલાચાર્ય ગુણધારી રે. નમો૦॥૭॥

શ્રીધર્મ રેવતિમિત્રજી, ભદ્રગુપ્ત ને શ્રીગુપ્ત રે;
વજ્જસૂરિ દશ પૂરવી, યુગપ્રધાન પવિત્ર રે. નમો૦॥૮॥

તોસલીપુત્ર આર્યરક્ષિત, મનકને (?) આર્યસમિતા રે;
યાવત્ દેવર્દ્ધિગણી, થવિર સવે ગુણવિત્તા રે. નમો૦॥૯॥

શાખા-કુળ વળી એહનાં, નંદિ આવશ્યકે કહીએ રે;
કલ્પસૂત્ર થવિરાવલી, તસ ગુણ સુણી ગહગહીએ રે. નમો૦॥૧૦॥

આદિ ચરિત્ર થવિરાવલી, કહી એ આઠમે વખાણે રે;
પાર ન એહના ગુણનો, જ્ઞાનવિમલ ગુરુ જાણે રે.નમો૦॥૧૧॥

---

૧. પાઠાંતરે-ચૌદ પૂરવધર લહિયા રે. નમો૦॥૫॥

## નવમ વ્યાખ્યાનની પ્રથમ સજ્ઝાય

**(ઢાળ - ચૌદમી)**

(રાગ : એક દિન પુંડરીક ગણધરુ રે લાલ...)

હવે સંવત્સરીને દિને રે લાલ, કરે ઓચ્છવમંડાણ-સવિ સાહમી રે;
પુસ્તક પૂજો પ્રેમશું રે લાલ, નિસુણો સૂત્ર વખાણ - **સુખકારી રે.**
**સૂત્ર સુણો વિધિશું સદા રે લાલ ॥૧॥**

જિમ લહો નિર્મળ નાણ-સુખકારી રે.
યોગવાહી ગુરુ જે હુવે રે લાલ, આચારી અર્થના જાણ-સુખકારી રે;
અનભિનિવેશી અમત્સરી રે લાલ, સુવિહિત મુનિગુણખાણ
સુખકારી રે ॥સૂત્ર૦॥૨॥

ગીત-ગાન વાજિંત્રશું રે લાલ, પૂરો મંગલ આઠ, સુખ૦
સાવધાન બહુભાવશું રે લાલ, સુણો કલ્પસૂત્રનો પાઠ-સુખ૦
સૂત્ર૦ ॥૩॥

પૂજા ને પરભાવના રે લાલ, ચૈત્યપ્રવાડી સાર-સુખ૦
પોસહ આરાધના કરો રે લાલ, અઠ્ઠમ ધરે નર-નાર-સુખ૦
સૂત્ર૦॥૪॥

લાહો લીએ નિજ વિત્તનો રે લાલ,કરી અતિ પરિઘલ ચિત્ત-સુખ૦
સૂત્ર સંપૂરણ સાંભળે રે લાલ, પર્વ એ સર્વપવિત્ત-સુખ.સૂત્ર૦॥૫॥

આગમ અક્ષર સાંભળે રે લાલ, જાવે પૂરવ પાપ-સુખ૦
વિધિજોગે જો સાંભળે રે લાલ, નાસે તિમિર સંતાપ-સુખ૦સૂત્ર૦॥૬॥

સંપૂરણ તેહ સાંભળી રે લાલ, ભાવે આપસ્વભાવ-સુખ૦
કરે વધાઈ ન્યૂછણાં રે લાલ, જિમ હોય ધર્મ જમાવ-સુખ૦
સૂત્ર૦॥૭॥

જ્ઞાનવિમલગુરુ ઉપદિશે રે લાલ, સામાચારી મુનિધર્મ-સુખ૦
આલાવા ચોસઠે કરી રે લાલ,અડવીશ ભેદે મર્મ-સુખ૦ સૂત્ર૦॥૮॥

## નવમ વ્યાખ્યાનની દ્વિતીય સજ્ઝાય

**(ઢાળ - પંદરમી)**

(રાગ : આવે આવે સોહાગણ નાર જિણંદજીને પોંખવા એ..)

ઈમ ઓચ્છવ આડંબરે રે,
સુણી સુણી સૂત્ર વખાણ-**જિણંદરાય જીત્યો રે;**
જીત્યા જીત્યા કર્મના મર્મ-જિણંદરાય૦
ભાગ્યા ભાગ્યા મિથ્યાત મર્મ-જિણંદ૦
વિષય-કષાય શમાવિયા રે, પ્રસરી સમતાવેલી-જિણંદ૦
જિનશાસન વર મંડપે રે, સાધર્મિક કરે કેલી-જિણંદ૦
ગાય ગાય ગોરી ગેલી-જિણંદ૦
કૂડ-કપટ સવિ મેલી-જિણંદ૦
કાઢ્યા કાઢ્યા દુશ્મન ઠેલી-જિણંદ૦
જાગી જાગી અનુભવ વેલી-જિણંદ૦ ॥૧॥

સતીય સોહાગણ સુંદરી રે, ગાવે ગાવે મધુરી ગીતિ-જિણંદ૦
દર્શન-જ્ઞાન-ચારિત્રની રે, બાંધી બાંધી સબલી નીતિ-જિણંદ૦
થઈ થઈ જગમાં જીત-જિણંદ૦
પામી પામી પુરુષપ્રતીત-જિણંદ૦;
મલ્યા મલ્યા મનના મિત્ત-જિણંદ૦
ગઈ ગઈ ભવની ભીત-જિણંદ૦ ॥૨॥

અનુભવલવે જે ગુણ હોય રે, તે ભાંગે ભવની કોડી-જિણંદ૦;
દુરિત ઉપદ્રવ ઉપશમે રે, ન કરે કો અનુભવ હોડી-જિણંદ૦
નહિ જિનશાસન જોડી-જિણંદ૦
હર્ષિત હોડા-હોડી-જિણંદ૦
મલી મલી મોડા મોડી-જિણંદ૦
ચૂરે ચૂરે કર્મ કઠોરી-જિણંદ૦ ॥૩॥

એમ શ્રીપર્વ સોહામણો રે, કરે જિનમતના જાણ-જિણંદ૦;
જ્ઞાનવિમલ ગુરુયોગથી રે, પ્રગટે પુણ્યપ્રમાણ-જિણંદ૦
આજ ભલું સુવિહાણ-જિણંદ૦
પ્રગટ્યો સમકિત ભાણ-જિણંદ૦
નાઠાં નાઠાં દુરિત અન્નાણ-જિણંદ૦
આગમ મોજ મહિરાણ-જિણંદ૦ ॥૪॥

વાગ્યાં વાગ્યાં જયંત નિશાન-જિણંદ૦
નમતા રાણોરાણ-જિણંદ૦
ગાળ્યાં ગાળ્યાં કુમતિનાં માન-જિણંદ૦
પોષ્યાં પોષ્યાં પુણ્યનાં ઠાણ-જિણંદ૦
ઉત્સવ અધિક મંડાણ-જિણંદ૦;
સજ્જનનાં મેલાણ-જિણંદ૦
બોલે બોલે જય જય વાણ-જિણંદ૦
દિન દિન કોડી કલ્યાણ-જિણંદ૦ ॥૫॥



## પટ્ટાવલી

દુહા

હવે સુવિહિત પટ્ટાવલી, જિનશાસન શિણગાર;
આચારજ અનુક્રમે થયા, નામ થકી કહું સાર ॥૧॥

એક એકના ગુણ ઘણા, કહેતાં નાવે પાર;
પરંપરાએ આવિયા, ધર્મ તણા દાતાર ॥૨॥

**(ઢાળ - સોળમી)**

(રાગ : વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી)

વીરતણી પાટે હવે પહેલા, સોહમગણી ગુણખાણીજી,
બીજા જંબૂસ્વામી કહીએ, છેલ્લા કેવળનાણીજી;
ત્રીજા પ્રભવગણી વળી ચોથા, સિજ્જંભવ ગણધારજી,
મનકપુત્ર હેતુ જેણે કીધું, દશવૈકાલિક સારજી ॥૧॥

યશોભદ્રગણી પંચમ જાણો, છઠ્ઠા સંભૂતિવિજયજી,
ભદ્રબાહુ એ ચૌદપૂરવી, કલ્પસૂત્ર જેણે રચિયાંજી;
દશ નિર્યુક્તિ ને ઉવસગ્ગહર, સ્તોત્ર રચ્યું સંઘ હેતજી,
થૂલિભદ્રગણી સત્તમ પાટે, જેહ થયા શુભ ચિત્તજી ॥૨॥

નાગરકુલ આગર સવિ ગુણના, કોશ્યા જેણે પ્રતિબોધીજી,
શીલવંત સિરદાર ત્રિભુવને, વિજયપતાકા લીધીજી;
આર્યમહાગિરિ આર્યસુહસ્તિ, પાટ આઠમે કહીએજી,
દ્રમ્મક દિક્ખી સંપ્રતિ કીધો, જિનકલ્પ તુલના લહીએજી ॥૩॥

નવમા સુસ્થિત-સુપ્રતિબદ્ધા, દોય આચારજ જાણોજી,
ક્રોડ વાર સૂરિમંત્ર જાપથી, કોટિક બિરુદ ધરાણોજી;
આઠ પાટ લગે બિરુદ નિર્ગ્રન્થનું, હવે દશમા ઈન્દ્રદિન્નાજી,
એકાદશમા દશ પૂરવધર, સૂરિ શ્રી વળી દિન્નાજી ॥૪॥

બારમા શ્રી સિંહગિરિસૂરીસર, તેરસમા વયરસામીજી,
અંતિમ એ દશ પૂરવધારી, લબ્ધિ અનેક જિણે પામીજી;
નભોગામી વૈક્રિય ખીરાસવ, શાસન ભાસનકારીજી,
પ્રવચન રચના જેણે સમારી, અતિશય ગુણના ધારીજી ॥૫॥

વજસેન તસ પાટે ચૌદમા, જેણે સોપારાનયરેજી,
કહી સુગાલ ચઉ સુત વ્યવહારી, વિષભક્ષણથી વારેજી;
દિક્ખ દઈને ભવજલ તાર્યા, ચાર આચારજ થાપ્યાજી,
એકેકના એકવીશ એકવીશ, ચોરાશી ગણ થાપ્યાજી ॥૬॥

ચંદસૂરિ પન્નરમે પાટે, ચંદગચ્છ બિરુદ બીજુંજી,
સમંતભદ્ર સોળમા વનવાસી, બિરુદ થયું એ ત્રીજુંજી;
વૃદ્ધદેવસૂરિ સત્તરમા, અઢારમા પ્રદ્યોતનસૂરિજી,
માનદેવ ઓગણીશમા જાણો, શાંતિ કરી જેણે ભૂરિજી ॥૭॥

માનતુંગસૂરિ વળી વીશમા, ભક્તામર જેણે કીધુંજી,
વીરસૂરિ એકવીશમા જાણો, અભિગ્રહવ્રત જેણે લીધુંજી;
જયાનંદસૂરિ બાવીશમા, દેવાનંદ તેવીશાજી,
ચોવીશમા શ્રી વિક્રમસૂરિ, શ્રી નરસિંહ પણવીશાજી ॥૮॥

સમુદ્રસૂરિ છવ્વીસ સગવીસા, વળી સૂરિ શ્રી માનદેવજી,
વિબુધપ્રભસૂરિ અડવીશા, જયાનંદ ગુણત્રીશાજી;
રવિપ્રભસૂરિ થયા વલી ત્રીશા, જશોદેવ એકત્રીશાજી,
શ્રી પ્રદ્યોતનસૂરિ બત્રીશમા, માનદેવ તેત્રીશાજી ॥૯॥

વિમલચંદ્રસૂરિ ચઉતીસા, ઉદ્યોતન પાંત્રીશાજી,
સર્વદેવસૂરિ છત્રીસમા, દેવસૂરિ સડત્રીશાજી;
વળી સર્વદેવસૂરિ અડત્રીશા, વડગચ્છ બિરુદ ધરાવ્યુંજી,
ગુણચાલીસા જશોભદ્રસૂરિ, રૈવતતીર્થ શોભાવ્યુંજી ॥૧૦॥

નેમિચંદ મુનિચંદ મુનીસર, ચાલીશમે દો ભાયાજી,
અજિતદેવસૂરિ ઈગચાલીશમા, જિનવરચરિત રચાયાજી;
વિજયસિંહ બેતાલીશ પાટે, સોમપ્રભ મણિરયણાજી,
દોય આચારજ તેતાલીશમા, રચિત સિંદુરપ્રકરણાજી ॥૧૧॥

જગત્ચન્દ્રસૂરિ ચુંમાલીશમા, મહાતપા બિરુદ ઉપાયુંજી,
જાવજીવ આંબિલ તપ સાધી, જિનમત સબલ સોહાયુંજી;
કર્મગ્રન્થ-ભાષ્યાદિક કીધાં, દેવિંદસૂરિ પણયાલેજી,
ધર્મઘોષસૂરિ ષટ્ચાલીશા, કોરિંટ તીર્થને વાલેજી ॥૧૨॥

આરાધના પ્રકરણના કર્તા, સોમપ્રભ સગચાલીશાજી,
સોમતિલક અડતાલીશ ગુણવન્ન, દેવસુંદરસૂરીશાજી;
પાટે શ્રી સોમસુંદરસૂરિ, તે પંચાશ પ્રસિદ્ધાજી,
ઉપદેશરત્નાકર અધ્યાતમ-કલ્પદ્રુમાદિ બહુ કીધાંજી ॥૧૩॥

કર્તા સંતિકરંના જાણો, મુનિસુંદર એગવન્નાજી,
કીધા શ્રાદ્ધવિધ્યાદિક ગ્રન્થા, રત્નશેખર બાવન્નાજી;
લક્ષ્મીસાગરસૂરિ ત્રેપનમા, સુમતિસાધુ ચોપનમાજી,
હેમવિમલસૂરીસર જાણો, પ્રગટપુણ્ય પણપન્નાજી ॥૧૪॥

શ્રી આનંદવિમલસૂરીસર, થયા છપ્પનમી પાટજી,
ક્રિયા ઉદ્ધાર કરીને કીધી, ઊજલી પ્રવચનવાટજી;
વિજયદાનસૂરિ સત્તાવન પાટે, જસ ગુણ પૂરાજી,
અડવન્ન પાટે હીરવિજયસૂરિ, જસ ગુણ નહિ અધૂરાજી ॥૧૫॥

સાહી અક્કબરને પ્રતિબોધી, શાસનસોહ ચઢાવેજી,
વિજયસેનસૂરિ ગુણસઠ્ઠ પાટે, નિજમતિ વાદી હરાવેજી;
પાટ સાઠમે પુણ્યે પ્રગટ્યા, વિજયદેવ ગણધારજી,
આચારજ વિજયસિંહને દિક્ખ્યા, મેદિનીપુર શિણગારજી ॥૧૬॥

સુરપ્રતિબોધન કાજે પહોત્યા, જાણી નિજ પટ થાપેજી,
શ્રી વિજયપ્રભસૂરિ એકસઠ પાટે, વિજયદેવસૂરિ આપેજી;
સંવેગી શુદ્ધ પંથપ્રરૂપક, વિમલ શાખા શિણગારીજી,
જ્ઞાનવિમલસૂરિ બાસઠ પાટે, વિજયવંત સુખકારીજી॥૧૭॥

પૂર્વાચાર્ય થયા ગુણવંતા, જ્ઞાન-ક્રિયાગુણ ભરિયાજી,
શ્રદ્ધા જ્ઞાન કથન ને કરણી, એ ચઉગુણના દરિયાજી;
તે સુવિહિત મુનિવંદન કરતાં, નિર્મલ સમકિત થાવેજી,
અહોનિશ આતમભાવ અનુપમ, જ્ઞાન અનંતુ પાવેજી ॥૧૮॥

**॥ મૂલ ભાસ સંપૂર્ણ ॥**

## પરસ્પર ક્ષમાપના

- સર્વે તે પ્રિય બાંધવા, ન રિપુરિહ કોડપિ ।

(શાંતસુધારસ)

- સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત;
તે મે સવ્વ ખમાવિઆ, મુજઝ વિ તેહ ખમંત॥

- જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિયં પાવં;
જં જં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ ॥

- ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજઝ ન કેણઈ ॥

(વંદિત્તાસૂત્ર)

- જો ઉવસમઈ તસ્સ અત્થિ આરાહણા;
જો ન ઉવસમઈ તસ્સ નત્થિ આરાહણા ॥

(શ્રી કલ્પસૂત્ર)

- સવ્વે અવરાહપએ, એસ ખમાવેમિ અજજ નિસ્સલ્લો;
અમ્માપિઅ-સરિસયા, સવ્વે વિ ખમંતુ મહ જીવા ॥

(સંથારા પયન્ના)

આજે હું શલ્યરહિત થઈને મારા સર્વ અપરાધોને ખમાવું છું, માતા-પિતા તુલ્ય સર્વ જીવો મને ક્ષમા આપો...ક્ષમા આપો...ક્ષમા આપો.

મિચ્છામિ દુક્કડં

મિચ્છામિ દુક્કડં　　મિચ્છામિ દુક્કડં



જેઓશ્રીની પાવન પ્રેરણા-
પચ્ચક્ખાણ આશીર્વાદથી
રાજનગરમાં વિશ્વરેકોર્ડ સર્જક
૧૩૫૦ સિદ્ધિતપ,
૮૯૧ માસક્ષમણ,
૩૫૧ શ્રેણીતપની
આરાધના
શક્ય બની,
એવા પૂજ્ય
સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આ.ભ.શ્રીમદ્
વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા
ની પ્રેરણાથી
પૂ.પંન્યાસ શ્રી પ્રશાન્તવલ્લભવિજયજી ગણિવર
સંપાદિત પુસ્તકો

- આરાધના સંપુટ
- પર્યુષણ સ્તવનાદિ સંપુટ
- શ્રી કલ્પસૂત્રના ઢાળીયા (શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત)
- દિવાળી સ્તવનાદિ સંપુટ
- જ્ઞાનપંચમી સ્તવનાદિ સંપુટ
- મૌનએકાદશી સ્તવનાદિ સંપુટ
- ચોમાસી દેવવંદન